O/o the DG & IG of Police,
(Administation Divison),
Gujarat State, 1st Floor, Police Bhavan,
Sector-18, Gandhinagar-382007,
Phone No. 079-23254327 Fax No. 079-23246329
E-mail : dgp-e-br@gujarat.gov.in

ક્રમાંક : ઈ/૧૫૩૬/નવી સેવા ૨૦૨૬-૨૭/૬૮૫૨ /૨૦૨૬ તા. ૨૭/૦૮/૨૦૨૬

દુકસણી

વિષય : નવી સેવા ૨૦૨૬-૨૭.

શહેર/જીલ્લા હસ્તક DIAL 112 "જનરક્ષક" પ્રોજેક્ટ હેઠળ વિવિધ સંવર્ગની નવી જગ્યાઓ ઉભી કરવા બાબત.

સંદર્ભ : (૧) ગૃહ વિભાગ, ગુજરાત સરકારના તા.૦૬/૦૪/૨૦૨૬ના ઠરાવ ક્રમાંક : HD/MHK /e-file/8/2025/7606/C.

(૨) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (કા.અને વ્ય.), ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૧૩/૦૮/૨૦૨૬ના પત્ર ક્રમાંક : જી-૧/એસસીઆર/સલામતી/૧૭૯૭/૨૬.

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પરત્વે સવિનય જણાવવાનું કે, નવી સેવા વર્ષ ૨૦૨૬-૨૭ અંતર્ગત શહેર/જીલ્લા હસ્તક DIAL 112 "જનરક્ષક" પ્રોજેક્ટ હેઠળ વિવિધ સંવર્ગની કુલ-૩૦૦૦ નવી જગ્યાઓ ઉભી કરવા અંગે ગૃહ વિભાગ, ગુજરાત સરકારના સંદર્ભ-(૧) હેઠળના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

૨. નવી સેવા વર્ષ ૨૦૨૬-૨૭ અંતર્ગત શહેર/જીલ્લા હસ્તક DIAL 112 "જનરક્ષક" પ્રોજેક્ટ હેઠળ વિવિધ સંવર્ગની કુલ-૩૦૦૦ નવી જગ્યાઓ ઉભી કરવા બાબતે નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના અંદાજપત્રમાં સમાવેશ કરી આ નવી જગ્યાઓ ઉભી કરવા માટે કુલ રૂા.૧૪૦.૬૦/- કરોડની (અંકે રૂપિયા એક સો ચાલીસ કરોડ સાઠ લાખ પુરા) ની જોગવાઇ કરી ગૃહ વિભાગ, ગુજરાત સરકારના સંદર્ભ-(૧) હેઠળના ઠરાવમાં આપેલ શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. જે અન્વયે સંદર્ભ-(૨) હેઠળના પત્રથી મળેલ દરખાસ્ત/વિગતોને ધ્યાને લઈ, સદર મંજૂર થયેલ કુલ-૩૦૦૦ નવી જગ્યાઓની ફાળવણી આ સાથે સામેલ રાખેલ પત્રક મુજબ કરવામાં આવે છે. જેથી આ જગ્યાઓ ભરવા અંગે સંબંધિત કચેરી તેમજ અત્રેની કચેરીની શાખાઓને આગળની કાર્યવાહી કરવા સારૂ ઠરાવની નકલ/ફાળવણી પત્રક આ સાથે સામેલ રાખી મોકલી આપેલ છે. જે અંગે કરેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની કચેરીને મોકલી આપવા વિનંતી છે.

બિડાણ :- ઉપર મુજબ.

"Issued with the approval of DGP & HoPF"

(**ગગનદીપ ગંભીર**)
પોલીસ મહાનિરીક્ષક (વહીવટ)

પ્રતિ,
(૧) તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ.
(૨) તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ (પ.રે. અમદાવાદ/વડોદરા સિવાય)
(૩) કચેરી અધિક્ષકશ્રી, બી-શાખા/જેએમટી શાખા (અત્રેની કચેરી)

નકલ સવિનય રવાના :-
પોલીસ મહાનિદેશકશ્રી (કા. અને વ્ય.), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

નકલ રવાના :-
(૧) મુખ્ય કારકુનશ્રી, બજેટ શાખા (અત્રેની કચેરી)
(૨) ઈ-૧ ટેબલ/ઈ-૨ ટેબલ (સિલેક્ટ ફાઇલ)

શહેર/જીલ્લા હસ્તક DIAL 112 "જનરક્ષક" પ્રોજેક્ટ હેઠળ મંજૂર થયેલ વિવિધ સંવર્ગની કુલ-૩૦૦૦ નવી જગ્યાઓની ફાળવણી કરવા અંગેની વિગત દર્શાવતું પત્રક				
Sr. No.	**City / District**	**Unarmed Assistant Sub-Inspector (ASI)**	**Unarmed Police Constable (PC)**	**Total Manpower**
1	Ahmedabad City	110	219	**329**
2	Rajkot City	22	45	**67**
3	Surat City	67	132	**199**
4	Vadodara City	29	59	**88**
5	Jamnagar	42	85	**127**
6	Bhavnagar	42	84	**126**
7	Surendranagar	38	77	**115**
8	Ahmedabad Rural	35	67	**102**
9	Amreli	34	68	**102**
10	Rajkot Rural	34	68	**102**
11	Bharuch	33	66	**99**
12	Kachchh East	33	66	**99**
13	Banaskantha	33	65	**98**
14	Patan	29	57	**86**
15	Junagadh	26	52	**78**
16	Kachchh West	26	52	**78**
17	Morbi	25	50	**75**
18	Mahesana	22	45	**67**
19	Devbhumi Dwarka	21	43	**64**
20	Sabarkantha	21	43	**64**
21	Surat Rural	20	41	**61**
22	Vadodara Rural	20	39	**59**
23	Gir Somnath	19	39	**58**

શહેર/જીલ્લા હસ્તક DIAL 112 "જનરક્ષક" પ્રોજેક્ટ હેઠળ મંજૂર થયેલ વિવિધ સંવર્ગની કુલ-૩૦૦૦ નવી જગ્યાઓની ફાળવણી કરવા અંગેની વિગત દર્શાવતું પત્રક				
Sr. No.	**City / District**	**Unarmed Assistant Sub-Inspector (ASI)**	**Unarmed Police Constable (PC)**	**Total Manpower**
24	Kheda	19	38	**57**
25	Dahod	18	37	**55**
26	Panchmahals	17	33	**50**
27	Aravalli	16	32	**48**
28	Vav Tharad	16	32	**48**
29	Valsad	15	30	**45**
30	Anand	15	29	**44**
31	Chhotaudepur	15	29	**44**
32	Botad	13	27	**40**
33	Tapi	13	27	**40**
34	Mahisagar	13	25	**38**
35	Gandhinagar	12	25	**37**
36	Porbandar	12	23	**35**
37	Navsari	11	23	**34**
38	Narmada	9	19	**28**
39	Dang	5	9	**14**
GRAND TOTAL		**1000**	**2000**	**3000**

(ગગનદીપ ગંભીર)
પોલીસ મહાનિરીક્ષક (વહીવટ)

નવી સેવા વર્ષ ૨૦૨૬-૨૭

OFFICE OF THE D.G. & I.G.P.
G.S., GANDHINAGAR
3485
09 APR 2026
BRANCH E
INWARD NO

શહેર/જીલ્લા હસ્તક DIAL 112 "જનરક્ષક" પ્રોજેક્ટ હેઠળ વિવિધ સંવર્ગની નવી જગ્યાઓ ઉભી કરવા બાબત

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક: HD/MHK/e-file/8/2025/7606/C

સચિવાલય,ગાંધીનગર

તારીખ : as per eSign

વંચાણે લીધા :-

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીનો તારીખ ૦૫/૧૨/૨૦૨૫નો પત્ર ક્રમાંક: ઇ/૧૫૩૬/નવી સેવા ૨૦૨૬-૨૭/૩૫૪૮/૨૦૨૫

(૨) વિભાગના વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્ર પ્રકાશન નંબર-૧૨માં પાના નંબર-૨૦૪

ઠરાવ :-

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી દ્વારા ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના પત્રથી શહેર/જીલ્લા હસ્તક DIAL 112 "જનરક્ષક" પ્રોજેક્ટ હેઠળ વિવિધ સંવર્ગની નવી જગ્યાઓ ઉભી કરવા માટેની જોગવાઇનો વિભાગના વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં જોગવાઇ કરવા દરખાસ્ત કરેલ. જે સંદર્ભે વંચાણે લીધા ક્રમાંક (૨)માં દર્શાવ્યા મુજબ વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જે નવી બાબતની કરેલ જોગવાઇનો ખર્ચ કરવાની મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઉક્ત વિગતોએ પુખ્ત વિચારણાના અંતે, વિભાગના વર્ષ ૨૦૨૬ - ૨૭ ના અંદાજપત્રમાં શહેર/જીલ્લા હસ્તક DIAL 112 "જનરક્ષક" પ્રોજેક્ટ હેઠળ વિવિધ સંવર્ગની નવી જગ્યાઓ ઉભી કરવા માટે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ વિવિધ સંવર્ગની કુલ - 3000 નવી જગ્યાઓ માટે કુલ રૂપિયા ૧૪૦.૬૦ કરોડની (એક સો ચાલીસ કરોડ સાઠ લાખ પૂરા) કરેલ નવી બાબતની જોગવાઇનો ખર્ચ કરવાની નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

અ.નં.	હોદો	જગ્યાની સંખ્યા	નવા મુજબ પગાર ધોરણ
૧	બિન હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર	૧૦૦૦	૨૫૫૦૦-૮૧૧૦૦
૨	બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ	૨૦૦૦	૧૮૦૦૦-૫૬૯૦૦
	કુલ	3000	

શરતો :-

1. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.
2. સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે

સા.વ.વિ./નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

3. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે ખાતાના વડાએ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.
4. આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.
5. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.
6. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.
7. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી ખાતાના વડાની રહેશે.
8. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને નાણા વિભાગના તા. ૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.
9. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાંવિભાગનાતા.૧૮/3/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦3/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.
10. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો ખાતાના વડાએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.
11. સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગ(કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.
12. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
13. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
14. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.
15. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
16. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
17. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
18. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
19. સદર બાબતનો ખર્ચ તા-૦૧/૦૪/૨૦૨૬ પછી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇ મુજબ "માંગણી નંબર-૪૩- મુખ્ય સદર : ૨૦૫૫:પોલીસ, પેટા મુખ્ય સદર : ૦૦ ગૌણ સદર : ૧૦૯ – જિલ્લા પોલીસ પેટા સદર : ૦૧- MEP-6 જિલ્લા પોલીસ ખુદ, હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ઇ-સરકારની ફાઇલ ઉપર અગ્ર સચિવશ્રી(ગૃહ વિભાગ)ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ચિરાગકુમાર પટેલ)

ઉપ સચિવ

ગૃહ વિભાગ

પ્રતિ,

- અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ક, ગ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશક (ઇન્ટે), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી(વહીવટ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી (ક.ગ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- નાણાં સલાહકારશ્રી(ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, ઝ-૧ શાખા, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા/બ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સીલેક્ટ ફાઇલ.
- નાયબ સેક્શન અધિકારી

Signature valid
Signed by:CHIRAG[illegible]AR PATEL
Under Secretary
Date:202[illegible]4.06
16:58:40 [illegible]
File No: HD/MHK/e-file/8/2025/7606/C (Est.of NonGazetted Police En
Approved By: Deputy Secretary,HD
Open the document in Adobe Acrobat DC to verify the E-sign